# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જૂનાગઢ

## લાઇફસ્કીલ ડોક્યુમેન્ટ
## વર્ષ ૨૦૨૩-૨૪




**સંકલન**

**શ્રીમતી કંચનબેન ભુત**
સીનીયર લેક્ચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
જૂનાગઢ

**માર્ગદર્શક**

**હિરેન ભટ્ટ**
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
જૂનાગઢ

# બાળમેળો અને લાઈફસ્કીલ મેળા સંદર્ભે કવિતા

અમે બાળ નાના, અમે બાળ નાના, અમે બાળમેળો ઉજવતા,

લૂંટાવી દઈશું ખુશીના ખજાના, અમે બાળ નાના, અમે બાળ નાના,

અમે દોરીશું મોર, પોપટ મજાના, અમે દોરીશું પાઈનેપલ, બનાના

મહિં પૂરશું રંગ ઇન્દ્રધનુષના, અમે બાળ નાના, અમે બાળ નાના...(1)

કવિતા અમે બાળગીતો મજાના, છલોછલ ભર્યા વાર્તાના ખજાના,

ખરેખર અમે થઈ જવાના દિવાના, અમે બાળ નાના, અમે બાળ નાના...(2)

કરી માટી ભીની અમે ગુંદવાના, બળદ, ગાય ને ભેંસ બનશે મજાના,

હથેળીમાં મહેંદી સરસ મૂકવાના,અમે બાળ નાના, અમે બાળ નાના...(3)

પીલી સ્ક્રુ અને ફ્યુઝ પણ બાંધવાના, વળી આજ પંચર અમે સાંધવાના,

અમે લાઈફ સ્કિલથી સુસજ્જિત થવાના, અમે બાળ નાના, અમે બાળ નાના...(4)

અમે બાળમેળો ઉજવતા, લૂંટાવી દઈશું ખુશીઓના ખજાના,

અમે બાળ નાના, અમે બાળ નાના...


રચયિતા

કમલેશ જેઠવા 'અમર'

બોડકા પ્રાથમિક શાળા તા. માણાવદર જિ. જુનાગઢ

# લેખન - સંપાદન

| ક્રમ | કર્મચારીનુ નામ | સંસ્થાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|---|
| ૧ | ધર્મેશ પી. સેલારકા | સી.આર.સી. નાનાકોટડા | વિસાવદર |
| ૨ | કેતનભાઈ વી. રૂપાપરા | બી.આર.પી. નિપુણ | ભેસાણ |
| ૩ | પ્રતાપસિંહ આર. જેઠવા | સી.આર.સી. મહોબતપુર | વંથલી |
| ૪ | અંકિતકુમાર વી. ભટ્ટ | રૂપાવટી પ્રાથમિક શાળા | વિસાવદર |
| ૫ | વિરલ પી. દુતિયા | બી.આર.પી. નિપુણ | જૂનાગઢ ગ્રામ્ય |
| ૬ | ભાવિકાબેન કે. ગોર | સી.આર.સી. ચોકી | જૂનાગઢ ગ્રામ્ય |
| ૭ | નિલેશ જી. ચાવડા | સી.આર.સી. કુમાર શાળા | વિસાવદર |
| ૮ | પ્રદીપ એન. ઠાકર | કરશનગઢ પ્રાથમિક શાળા | મેંદરડા |
| ૯ | નિરવ બી. રાજ્યગુરુ | સી.આર.સી. ટીનમસ | વંથલી |
| ૧૦ | મધુસુદન જે. રાડિયા | સ્પે.એજયુકેટર - બગડુ | જૂનાગઢ ગ્રામ્ય |
| ૧૧ | જીજ્ઞેશ આર. મહેતા | સ્પે.એજયુકેટર - ગલિયાવાડા | જૂનાગઢ ગ્રામ્ય |
| ૧૨ | ચેતનભાઇ એસ. ભુવા | બી.આર.પી. નિપુણ | વંથલી |

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૫ |
| ૨ | સંકલ્પના | ૭ |
| ૩ | જીવન કૌશલ્યના હેતુઓ | ૮ |
| ૪ | ધો. ૬ થી ૮ આનંદદાયી અને પ્રવૃત્તિમય જીવન કૌશલ્ય બાળમેળો | ૧૦ |
| ૫ | જીવન કૌશલ્ય અંતર્ગત સમગ્ર જિલ્લામાં થયેલ પ્રવૃત્તિઓ | ૧૧ |
| ૬ | બાળકો, વાલીઓ, એસ.એમ.સી. સભ્યો, આચાર્યશ્રીઓનાં પ્રતિભાવો | ૪૦ |
| ૭ | મૂલ્યાંકન પ્રતિભાવોનું વિશ્લેષણ અને તારણો | ૪૨ |
| ૮ | જીવન કૌશલ્ય અન્વયે ડાયેટે કરેલ અનુકાર્યની નકલો | ૪૯ |
| ૯ | જીવન કૌશલ્ય આયોજન માટે કરેલ બેઠકોની મિનીટ્સ | ૬૦ |

# પ્રસ્તાવના

લીલોતરીની ચાદર ઓઢીને આછા-પાતળા તડકાના કિરણોનો તાજ પહેરી પ્રકૃતિ, સુંદર ઝરણાં અને દરિયાઈ લહેરો સાથે રમત રમતા જૂનાગઢ જિલ્લાને મન મુકીને કુદરતે સૌંદર્ય બક્ષ્યું છે, જેની ચારેય દિશાઓ ઝગમગતા તારલાની જેમ વન વિસ્તારની શણગાર સજેલી સ્ત્રીની જેમ હોય તેવા આપણા જૂનાગઢ જિલ્લાની લોકબોલી, મિત્રતા અને સંસ્કૃતિની આછી ઝલક તો નિહાળીએ.....

કુદરતનાં જ બીજા સ્વરૂપ બાળકનાં આનંદ અને વિકાસની વાતોને પ્રગતિ તરફ દોરવાનું આગોતરું પગલું એટલે જીવન કૌશલ્ય આધારિત મેળો. જીવન કૌશલ્ય મેળો એ શબ્દ આજે ગુજરાતનાં ગામે ગામ આવેલી પ્રાથમિક શાળાનાં બાળક માટે જાણે આનંદદાયી અને પ્રવૃત્તિમય શિક્ષણનો પર્યાય બની ગયો છે.

બાળકના શારીરિક અને માનસિક વિકાસનું જેટલું મહત્વ છે, તેથી વિશેષ મહત્વ છે જીવનના વિકાસનું. જીવનના વિકાસની કેળવણી માટેનાં ઉત્તમ માધ્યમો એટલે જીવન કૌશલ્યો...

બાળકમાં રહેલી સર્જનાત્મક અને સુષુપ્ત શક્તિઓને પારખવાનું અને ખીલવવાનું તથા તેના દ્વારા જીવનના ઉત્તમ વિકાસ માટે પૂરતી તકો પૂરી પાડવાનું ઉત્તમ સ્થાન એટલે જીવન કૌશલ્ય આધારિત મેળો.

જીવન કૌશલ્ય શિક્ષણ એટલે જીવનમાં આગળ વધવા માટે સફળ, સુખમય, શાંતિમય સ્વસ્થ જીવન ઘડતર માટે અને સતત વિકાસશીલ રહેવા માટે જરૂરી એવા કૌશલ્યો ઉતારતું શિક્ષણ. જીવન કૌશલ્યો એટલે એવા કૌશલ્યો કે બાળકમાં રહેલી શક્તિઓ, આવડતો કે જે બાળકને રોજિંદા જીવનના પડકારો હકારાત્મકતાથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરીયાતોને કુશળતાપૂર્વક પૂર્ણ માટે સક્ષમ બનાવે છે.

વિચાર કરીએ......

વિકાસ કરીએ......

કૌશલ્યો ઓળખીએ......

બાળકને ઉન્નત કરીએ......

જીવન કૌશલ્યો દ્વારા બાળકમાં રહેલી શક્તિઓ અને આવડતો પારખવાનું અને તેના દ્વારા જીવનમાં આવતા પડકારોને કુશળતાપૂર્વક ઉકેલી જીવનના ઉત્તમ વિકાસ માટે પૂરતી તક પૂરી પાડવાનું ઉત્તમ સ્થાન એટલે જ..........જીવન કૌશલ્ય મેળો.

**હિરેન ભટ્ટ**
**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**જૂનાગઢ**

# સંકલ્પના

જીવન કૌશલ્ય આધારિત મેળામાં જીવન કૌશલ્ય વિકાસને સામેલ કરવા પાછળ એક વિશેષ દ્રષ્ટિ પણ દેખાઈ આવે છે. આજનો સમય એ પ્રકારનો સમય છે કે જેટલા બાળકો ભણે છે તે તમામને તરત જ સારી નોકરી મળી જવાની નથી. તો આવનાર દિવસોમાં સ્પર્ધાના સમયમાં ટકી રહેવામાં ખૂબ મદદરૂપ બનશે અને કેટલાય કાર્યો જે શીખી શકાય તેની મદદથી  પોતાની આજીવિકા પણ મેળવી શકશે. આવા શાળા દરમિયાન શીખેલા કૌશલ્યવર્ધક અનુભવો એ માત્ર મનોરંજન માટે ન રહેતા આજીવન સાથ-સહકાર અને આધારસ્તંભરૂપ બની રહે તેવા પ્રયાસો જરૂરી છે.

બાળકના આનંદ અને વિકાસની વાતોને પ્રગતિના પંથે દોરવાનું આગોતરું પગલું એટલે “**જીવન કૌશલ્ય મેળો**”. જીવન કૌશલ્ય મેળો ભાગ લેનાર બાળકો માટેની આનંદ યાત્રા છે. તેઓના સર્વાંગી વિકાસ માટેનો અવસર છે. તેનાથી બાળકના મનમાં વિકાસ માટેની અલગ અલગ દિશા ખૂલે છે. જીવન કૌશલ્ય મેળો બાળકોને અભિવ્યક્ત થવાનો કાર્યક્રમ છે. બાળકોમાં પડેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવાનો કાર્યક્રમ છે.



# જીવન કૌશલ્ય આધારિત મેળાનાં હેતુઓ :

- વિદ્યાર્થીઓ રોજિંદા જીવનના પડકારોને હકારાત્મકતાથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય કે આવડત પ્રાપ્ત કરી શકે.
- જીવનકૌશલ્ય થકી વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાઓને ખીલવી તેમના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધી સ્વસ્થ, સફળ, સુખમય અને શાંતિમય જીવન જીવતા શીખે.
- વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનું વાસ્તવિક જીવન સાથે અનુબંધ જોડાશે તેમજ વધુ ઉન્નત અને બહેતર જીવન જીવવા તૈયાર થાય.
- પોતાના રોજિંદા જીવનમાં નાનાં-મોટાં પ્રશ્નો જાતે હલ કરવાથી સ્વાવલંબી બને.
- નિર્ણયશક્તિ વિકસે અને બાળકને અભિવ્યક્ત થવાની તક મળે.
- જિજ્ઞાસાવૃતિ જાગૃત થાય છે.
- સામૂહિક ભાવના અને હકારાત્મક ભાવના વિકસે છે.
- કામ પ્રત્યે પ્રેમ જાગે છે અને ત્વરિત નિર્ણય લેતો થાય છે.
- વ્યવહારું જ્ઞાન મેળવતો થાય છે.
- કલ્પના શક્તિનો વિકાસ થાય અને બાળકની સર્જનવૃતિ સંતોષાય.

- બાળકો અંતઃતૃપ્તિ અનુભવે.
- વ્યવસ્થા, શિસ્ત, સમય પાલન, ચોક્કસાઈ, સ્વચ્છતા જેવા ગુણો વિકસે.
- સમસ્યાનો વ્યવહારું ઉકેલ શોધતો થાય.
- સ્વ-અધ્યયનનું કૌશલ્ય વિકસે.
- તંદુરસ્ત સમાજના નિર્માણની ભાવના કેળવે.
- શાળાના આર્થિક વિકાસમાં સહભાગીદારી નોંધાવે.
- આત્મવિશ્વાસ પ્રગટ થાય અને ક્રિયાશીલતાને પોષણ મળે છે.
- મનગમતું કામ મળે છે.
- સમાજમાં વિશેષ સ્થાન મળે.
- પ્રતિકૂળતામાં અનુકૂળતા સાધે.
- શ્રેષ્ઠ મૂલ્યોને આત્મસાત કરી શકે અને હસ્ત કૌશલ્યનો વિકાસ થાય.
- વિચારોનું પ્રગતિકરણ થાય અને આત્મસૂઝ કેળવાય.
- અવલોકન શક્તિનો વિકાસ થાય.
- ખેલદિલીની ભાવના કેળવાય.



# ધોરણ :- ૬ થી ૮

# આનંદદાયી અને પ્રવૃત્તિમય

# જીવન કૌશલ્ય





# જીવન કૌશલ્ય અંતર્ગત સમગ્ર જિલ્લામાં થયેલ પ્રવૃત્તિઓ

- ચાલો શીખીએ.
- વેસ્ટમાંથી બેસ્ટનું સર્જન.
- સ્વજાગૃતિ, સ્વચ્છતા અને સુશોભન.
- મહેંદી કળા.
- સર્જનાત્મકતા.
- રંગોળી.
- વાંચન, લેખન અને અવલોકનની પ્રવૃત્તિઓ.
- પર્યાવરણને જાણો, માણો અને જાળવો.
- હાસ્ય દરબાર.
- સામાન્ય જ્ઞાન અને સમસ્યા ઉકેલ.
- સમૂહ જીવન અને બાળપ્રદર્શન.
- બાળકો અને વાલીનાં પ્રતિભાવો.



# વિભાગ - ૧ ચાલો શીખીએ

## હેતુઓ :

- બાળકોને નવી-નવી બાબતો શીખવાની તક મળે.
- વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાવાની તક મળે.
- બાળકોની જિજ્ઞાસાવૃતિ સંતોષાય.
- બાળકોની સર્જનશક્તિનો વિકાસ થાય.
- બાળકોને શિક્ષણ પ્રત્યે રુચિ કેળવાય.
- બાળકો નાના-નાના કામ જાતે કરી શકે.

## પ્રવૃત્તિઓ :

- ફ્યૂઝ બાંધતા તથા ટાયર પંચર બનાવતાં શીખવું.
- કુકર કેમ બંધ કરવું તે શીખવું.
- દિવાલ અને લાકડાંમાં ખીલી મારતા અને બટન ટાંકતા શીખવું.
- ચોપડાને પૂઠાં ચડાવતા શીખવું અને પેપર ફાઇલિંગ કરતાં શીખવું.
- હેર સ્ટાઇલ કરતાં શીખવું.
- પડીકા બાંધતા શીખવું.
- રોટલાં બનાવતા શીખવું.
- સિલાઈ કરતાં શીખવું.
- કપડાને ઇસ્ત્રી કરતાં શીખવું.

## સાધન સામગ્રી :

જૂના ફ્યૂઝ, તાંબાના વાયર, સ્ક્રૂ ડ્રાઈવર, પક્કડ, હથોડી, રેગ્યુલેટર, ગેસ સિલિન્ડર, બટન, કાતર, સોય, દોરો, જૂના કપડાં, રોટલા માટે જરૂરી સામાન, પીન, ફાઇલ, પંચ, ઇસ્ત્રી, મિક્ષ્ચર મશીન વગેરે.....

## ફલશ્રુતિ :

- બાળકો આત્મનિર્ભર બને તેવી પ્રવૃત્તિ થઈ.
- બાળકો જીવન ઉપયોગી પ્રવૃત્તિઓ શીખ્યા.
- બાળકોને નવી નવી બાબતો શીખવાની તક મળી.
- બાળકોએ વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો.



સુખપુર પ્રાથમિક શાળા




શેરિયાજ પ્રાથમિક શાળા



બામણગામ પ્રાથમિક શાળા



ઢેબર પ્રાથમિક શાળા

# વિભાગ - ૨ વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાનું સર્જન

## હેતુઓ :

- નકામા કાગળમાંથી વિવિધ નમૂના બનાવે.
- વાંસની સળી કે પટ્ટીમાંથી સજાવટની વિવિધ વસ્તુઓ બનાવતા શીખે.
- નકામા કાપડ/કાથીના ટૂકડામાંથી ઉપયોગી વસ્તુ બનાવતાં શીખે.

## પ્રવૃત્તિઓ :


- નકામા ન્યૂઝ પેપરમાંથી વિવિધ નમૂના બનાવે.
- નકામા કાપડ/કાથીના ટુકડામાંથી ઉપયોગી વસ્તુ બનાવવી.
- વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓ બનાવવાં.
- વાંસની સળી કે પટ્ટીમાંથી સજાવટની વસ્તુઓ બનાવવી.

## સાધન સામગ્રી :

વિવિધ પ્રકારના કાગળ, વાંસની નાની નાની ચિપ્સ, નકામા કાપડ, જૂની સાડી, કાથી, વિવિધ પ્રકારના ફૂલો, પાન અને ડાળીઓ.

## કાર્ય પધ્ધતિ :

વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓ બનાવવાં માટે બાળકોએ શાળામાં, વર્ગખંડમાં, ઘરમાં પડેલી નકામી ચીજવસ્તુઓ એકત્રિત કરી, તેમાંથી ઉપયોગી ચીજવસ્તુઓનું નિર્માણ કર્યું. મહેંદીની વિવિધ ડિઝાઈન બનાવી. નકામા ન્યૂઝ પેપરમાંથી વિવિધ નમૂના બનાવ્યા. બાળકો નકામા ન્યૂઝપેપરની ગડી વાળી પટ્ટીઓ બનાવી તેને વિવિધ આકારોમાં ગોઠવી વિવિધ નમૂના બનાવ્યા.



બંધાળા પ્રાથમિક શાળા



બરવાળા પ્રાથમિક શાળા

# વિભાગ - ૩ સ્વજાગૃતિ, સ્વચ્છતા અને સુશોભન

## હેતુઓ:

- સ્વચ્છતાના આગ્રહી બને અને તે અંગેની સમજ કેળવે.
- બાળકો ગૃહ સુશોભન માટે સ્વનિર્મિત વસ્તુ બનાવતાં શીખે.
- વ્યસન મુક્તિ અભિયાન અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ.
- આપત્તિ વ્યવસ્થાપન શીખે અને જરૂરિયાત સમયે તેનો ઉપયોગ કરતાં શીખે.
- શાળાનાં મેદાનની સફાઈ અને વર્ગખંડોની સફાઇ.
- તોરણ-વૉલપીસ બનાવવા.
- શરીરનાં અવયવોની સફાઈ.
- બાળકો વ્યસન મુક્ત બને.
- બાળકો વ્યસનની નકારાત્મક અસર પ્રત્યે જાગૃત થાય.
- બાળકોમાં સ્વચ્છતા અને ચીવટ જેવા ગુણો વિકસે.

## સાધન સામગ્રી :

વ્યસનમુક્તિ અંગેના ચાર્ટ્સ, ફાયર સેફ્ટી યંત્ર, હેલ્થ કોર્નરના સાધનો, અરીસો, કાંસકો, તેલ, નેપકિન, કટર, ઝાડું-સાવરણા, પાવડો, દોરો, આસોપાલવ, રંગીન કાગળ, દ્રશ્ય-શ્રાવ્ય સાધનો વગેરે...

## ફલશ્રુતિ :

- આપત્તિ વ્યવસ્થાપન શીખ્યા અને તેનો વ્યવહારમાં ઉપયોગ કરતાં શીખ્યા.
- સ્વચ્છતાનાં આગ્રહી બન્યા અને તે અંગેની સમજ કેળવી શક્યા.
- બાળકો વ્યસનની નકારાત્મક અસર પ્રત્યે જાગૃત થયા.




શેરિયાજ પ્રાથમિક શાળા



કરશનગઢ પ્રાથમિક શાળા

# વિભાગ - ૪ મહેંદી કળા.

## હેતુઓ :

- મહેંદીના કોનનો યોગ્ય ઉપયોગ શીખે અને આવડતનો વિકાસ થાય.
- મહેંદીથી થતાં ફાયદાની સમજ કેળવે.
- મહેંદીની ડીઝાઇનના વિવિધ નમૂના બનાવે.
- અલંકારિક આકારોની સમજ કેળવાય.
- મહેંદીની મદદથી હાથ અને પગને આકર્ષક બનાવતા શીખે.

## પ્રવૃત્તિઓ :

- વિવિધ અલંકારિક આકારો મહેંદીની મદદથી બનાવવા.
- હાથ અને પગ પર મહેંદીની મદદથી યોગ્ય આકારો બનાવવા.
- મહેંદીની વિવિધ ડિઝાઈન બનાવવી.

## સાધન સામગ્રી :

મહેંદીના કોન, ખાંડ અને લીંબુના રસનું મિશ્રણ અને રૂ.

## કાર્ય પધ્ધતિ :

- વિવિધ અલંકારિક આકારો મહેંદીની મદદથી બનાવવા.
- હાથ અને પગ પર મહેંદીની મદદથી યોગ્ય આકારો બનાવવા.
- મહેંદીની વિવિધ ડિઝાઈન બનાવવી.

## ફલશ્રુતિઃ

- મહેંદીની મદદથી વિવિધ અલંકારિક આકારો બનાવ્યા.
- હાથ અને પગને મહેંદી મૂકી આકર્ષક બનાવ્યાં.



મારી પ્રાથમિક શાળા




સીતાણા પ્રાથમિક શાળા

# વિભાગ - ૫ સર્જનાત્મક પ્રવૃત્તિઓ

ધોરણ ૬ થી ૮ નાં જીવન કૌશલ્ય આધારિત બાળમેળાની વિવિધ પ્રવૃત્તિઓ પૈકી વિભાગ-૧ માં સર્જનાત્મક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બાળકોમાં સર્જનાત્મક શક્તિઓની ખીલવણી કરવા માટે આ વિભાગની પ્રવૃત્તિઓ ખૂબ મહત્વની છે.

## હેતુઓ :

- કાગળમાંથી વિવિધ નમૂના બનાવે.
- વાંસમાંથી સજાવટની વિવિધ વસ્તુઓ બનાવતા શીખે.
- નકામા કાપડ/કાથીનાં ટૂકડામાંથી પગલુછણિયું બનાવતાં શીખે.
- માટીમાંથી વિવિધ નમૂનાઓ બનાવે.
- ફૂલ, પાન તથા ડાળીઓમાંથી તોરણ અને બૂકે બનાવતાં શીખે.
  વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓ બનાવે.
- મહેંદીની વિવિધ ડિઝાઈન બનાવે.

## પ્રવૃત્તિઓ :

- નકામા ન્યૂઝપેપરમાંથી વિવિધ નમૂના બનાવે.
- કાગળમાંથી વિવિધ નમૂનાઓ બનાવવા.
- વાંસમાંથી સજાવટની વસ્તુઓ બનાવવી.
- નકામા કાપડ/કાથીનાં ટૂકડામાંથી પગલુછણિયું બનાવવાં.
- માટીમાંથી વિવિધ નમૂનાઓ બનાવવાં.
- ફૂલ, પાન તથા ડાળીઓમાંથી તોરણ બનાવવાં.
- વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓ બનાવવાં.
- મહેંદીની વિવિધ ડિઝાઈન બનાવવી.
- નકામા ન્યૂઝપેપરમાંથી વિવિધ નમૂનાઓ બનાવવાં

## સાધન સામગ્રી :

વિવિધ પ્રકારના કાગળ, વાંસની નાની નાની ચિપ્સ, નકામા કાપડ, જૂની સાડી, કાથી, વિવિધ પ્રકારના ફૂલ, પાન અને ડાળીઓ.

## કાર્ય પધ્ધતિ :

વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓ બનાવવાં. બાળકોએ શાળામાં, વર્ગખંડમાં, ઘરમાં પડેલ નકામી ચીજ વસ્તુઓ એકત્રિત કરી તેમાંથી ઉપયોગી ચીજવસ્તુઓનું નિર્માણ કરવું. મહેંદીની વિવિધ ડિઝાઈન બનાવવી. મહેંદીના કોનથી વિવિધ ડિઝાઇન સાથે હાથ પર મહેંદી મૂકવી. નકામા ન્યૂઝપેપરમાંથી વિવિધ નમૂના બનાવે. બાળકો નકામા ન્યૂઝ પેપરની ગડી વાળી પટ્ટીઓ બનાવી વિવિધ આકારોમાં ગોઠવી વિવિધ નમૂના બનાવવા.

## ફલશ્રુતિઃ

- કાગળમાંથી વિવિધ નમૂનાઓ બનાવ્યા.
- વાંસમાંથી સજાવટની વસ્તુઓ બનાવી.
- નકામા કાપડ/કાથીનાં ટૂકડામાંથી પગલુછણિયાં બનાવ્યાં.
- માટીમાંથી વિવિધ નમૂનાઓ બનાવ્યાં.
- ફૂલ, પાન તથા ડાળીઓમાંથી તોરણ બનાવ્યાં.
- વેસ્ટમાંથી બેસ્ટ નમૂનાઓ બનાવ્યાં.
- મહેંદીની વિવિધ ડિઝાઈન બનાવી.




શેરિયાજ પ્રાથમિક શાળા




પે સેન્ટર કુમાર શાળા- વિસાવદર

# વિભાગ - ૬ રંગોળી બનાવવી

ધોરણ ૬ થી ૮ નાં જીવન કૌશલ્ય આધારિત મેળાની વિવિધ પ્રવૃત્તિઓ પૈકી વિભાગ-૬ માં સર્જનાત્મક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બાળકોમાં સર્જનાત્મક શક્તિઓની ખીલવણી કરવા માટે આ વિભાગની પ્રવૃત્તિઓ ખૂબ મહત્વની છે.

## હેતુઓ :

- રંગોળીની ડીઝાઇનના વિવિધ નમૂના બનાવે.
- રંગોળીથી ઘરનું આંગણું આકર્ષક બનાવતા શીખે.
- અલંકારિક આકારોની સમજ કેળવાય.
- રંગોળીનાં રંગોનો યોગ્ય ઉપયોગ કરતાં શીખે.

## પ્રવૃત્તિઓ :

- વિવિધ અલંકારિક આકારો અને ભૌમિતિક આકારોના સંયોજનથી રંગોળી બનાવવી.
- ઘરનાં આંગણામાં રંગોળીની મદદથી યોગ્ય આકારો બનાવવા.
- રંગોળીની વિવિધ ડિઝાઈન બનાવવી.

## સાધન સામગ્રી :

રંગોળીના રંગો, રંગીન ચોક, ફૂલ, માપપટ્ટી.

## કાર્ય પધ્ધતિ :

વિવિધ અલંકારિક આકારો અને ભૌમિતિક આકારોના સંયોજનથી ડીઝાઈન દોરવી. ડીઝાઇનમાં યોગ્ય રંગો પુરવા.

## ફલશ્રુતિઃ

રંગોળીની મદદથી વિવિધ અલંકારિક આકારો અને ભૌમિતિક આકારોના સંયોજનથી ડીઝાઈન બનાવી. ઘરના આંગણાને સુંદર ડીઝાઇન થી આકર્ષક બનાવ્યું.




પ્લોટ પ્રાથમિક શાળા – બાંટવા




બંધાળા પ્રાથમિક શાળા

# વિભાગ - ૭ વાંચન, લેખન અને અવલોકન

## હેતુઓ :

- બાળકોમાં વાંચન કૌશલ્યનો વિકાસ થાય.
- બાળકોમાં લેખન કૌશલ્યનો વિકાસ થાય.
- બાળકોમાં સ્મૃતિ કૌશલ્યનો વિકાસ થાય.
- બાળકોમાં અવલોકન શક્તિઓનો વિકાસ થાય.

## પ્રવૃત્તિ :

- વિવિધ પુસ્તકો સ્ટોલ પર ગોઠવી, તેના દ્વારા બાળકોને નિદર્શન અને અભ્યાસ કરાવવો.
- સમાચારપત્રમાં સમાવિષ્ટ સારા લેખોનો સંગ્રહ કરીને તેનું વાંચન કરાવવું.
- કોઈ પણ પ્રકારની અરજી, રજાચિઠ્ઠી અને અહેવાલ લેખન કરાવવું.
- અવનવી પ્રાચીન વસ્તુઓનું પ્રદર્શન કરી અવલોકન કરાવવું.
- શબ્દકાર્ડ, ફ્લેશકાર્ડનો ઉપયોગ કરાવવો.

## સાધન સામગ્રી :

અરજીનો આદર્શ નમૂનો.

અર્થવિસ્તાર, કહેવત તથા રૂઢિપ્રયોગના કાર્ડ.

અવનવી પ્રાચીન વસ્તુઓ.

ફ્લેશ કાર્ડ.

સમાચારપત્રની નકલ.

લેખિત પ્રેરક પ્રસંગો.

## ફલશ્રુતિ :

- બાળકોમાં વિવિધ સમાચારપત્રોની નકલનો અભ્યાસ કરવાથી વાંચન કૌશલ્યનો વિકાસ થયો.
- વિવિધ નિદર્શન અને પ્રદર્શન નિહાળવાથી બાળકમાં અવલોકન અને સ્મૃતિશક્તિનો વિકાસ થયો.
- બાળકોમાં લેખન અને મૌખિક અભિવ્યક્તિનો વિકાસ થયો.
- બાળકોમાં વિવિધ કળા-કૌશલ્યનો વિકાસ થયો.



મીતાણા પ્રાથમિક શાળા



ગોરખપુર સીમ પ્રાથમિક શાળા

# વિભાગ - ૮ પર્યાવરણને જાણો, માણો અને જાળવો.

## હેતુઓ :

- બાળકોમાં પ્રકૃતિપ્રેમ કેળવાય,
- પર્યાવરણ વિશે નવું-નવું ઉલ્લાસભેર જાણતા થાય,
- ખેતીની વિવિધ રીતો, કુદરતી ખાતરો અને પિયત પધ્ધતિ વિશે જાણતા થાય.
- પર્યાવરણની જાળવણી કરતાં શીખે.
- સૌંદર્ય પ્રત્યેની દ્રષ્ટિ વિકસે.
- સહકાર, સ્વચ્છતા, જિજ્ઞાસા જેવા ગુણોનો વિકાસ થાય.
- કુદરતી તત્વો પ્રત્યે પ્રેમભાવના જાળવે.
- કુદરતી સંસાધનની જાળવણી કરતાં થાય.

## પ્રવૃત્તિ:

- ઔષધિબાગની સમજ અને ખાતર બનાવવાની રીતો સમજવી.
- ચિત્રો બનાવવા.
- શાળા મેદાનની સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવે.
- ખેતીના ઓજારો વિશેની સમજ કેળવે તથા પર્ણપોથી બનાવવી.
- વૃક્ષોની માવજત કરવી.

## સાધન સામગ્રી :

વનસ્પતિનાં રોપા, પોસ્ટર, ખાતરના નમૂના, ગેરુ, ચૂનો, કાગળ, સ્કેચપેન, રંગ બાગાયતના સાધન

## ફલશ્રુતિ :

- પર્યાવરણના વિવિધ ઘટકો વિશે સમજ કેળવી.
- વનસ્પતિ, સજીવો તેમજ કુદરતી તત્વો પ્રત્યે પ્રેમભાવના જાગૃત થઈ.
- પાણીનો સદુપયોગ કરતાં થયાં.
- ખેતીની વિવિધ રીતો જાણતા થયાં.
- કુદરતી સંસાધનોની જાળવણી કરતા થયાં.



આંબલા પ્રાથમિક શાળા



રાજેસર પ્રાથમિક શાળા

# વિભાગ - ૯ સામાન્યજ્ઞાન અને સમસ્યા ઉકેલ

## હેતુઓ :

- બાળકનાં જીવન સંઘર્ષમાં મથામણ દ્વારા સમસ્યા ઉકેલી કોઠાસૂઝ કેળવે.
- બાળક વ્યવહારુ કાર્યસૂઝ કેળવે.
- બાળકો સમસ્યા ઉકેલ તથા તર્કશક્તિ કેળવે.
- બાળકો તાર્કિક ચિંતન કરતાં થાય.

## પ્રવૃત્તિ :

- સામાન્યજ્ઞાન આધારિત ક્વિઝ.
- અગત્યના હેલ્પલાઇન ફોન નંબરની જાણકારી આપવી.
- તર્ક આધારીત સમસ્યા “હું શું કરું?” જેવી રમત રમાડવી.
- ચિત્રો અને પઝલ્સ.

## સાધન સામગ્રી :

- સામાન્ય જ્ઞાનનાં પુસ્તકો
- હેલ્પલાઇન નંબરોની યાદી
- સુડોકું
- બાળ ભાસ્કર જેવી પૂર્તિઓ.

## ફલશ્રુતિઃ

બાળકોના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય અને તેનો ઉપયોગ વ્યવહારમાં થયો હતો. બાળકોની કલ્પનાશક્તિ, તર્કશક્તિ, નિર્ણયશક્તિ અને વિચારશક્તિમાં વિકાસ થયેલ જોવા મળ્યો.



ઢેબર પ્રાથમિક શાળા



ગ્રામોદ્યોગવાડી પ્રાથમિક શાળા

# વિભાગ - ૧૦ સમૂહ જીવન અને બાળપ્રદર્શન

## હેતુઓ :

- સમૂહજીવનની ભાવના ખીલે.
- વિવિધ વસ્તુઓનો સંગ્રહ કરવાનો શોખ કેળવે.
- વિવિધ વસ્તુઓ વચ્ચેની સમાનતા અને વિવિધતા જાણે.
- અવલોકનશક્તિ અને સંગ્રહશક્તિનો વિકાસ થાય.

## પ્રવૃત્તિ :

- શૈક્ષણિક સાધનોનું પ્રદર્શન
- સિક્કા અને નોટોનું પ્રદર્શન
- ઇલેક્ટ્રીક સાધનોનું પ્રદર્શન
- પીછાં અને પાંદડાનું પ્રદર્શન
- વર્ગ સુશોભન
- શાળા મેદાન અને વર્ગખંડોની સ્વચ્છતા
- પુસ્તકાલયની ગોઠવણી

## સાધન સામગ્રી :

શૈક્ષણિક સાધનો, સિક્કાઓ તથા ચલણી નોટો, પીંછા, પાંદડાં, પુસ્તકો, સફાઈના સાધનો વગેરે..

## ફલશ્રુતિ :

- સમૂહજીવનની ભાવના ખીલી.
- વિવિધવસ્તુઓનો સંગ્રહ કરવાની ટેવ વિકાસ પામી.
- વિવિધ વસ્તુઓ વચ્ચેનો ભેદ કરતાં થયા.
- અવલોકન શક્તિ અને સંગ્રહ શક્તિનો વિકાસ થયો.



કન્યા શાળા નં. ૪ જૂનાગઢ



દાત્રાણા પે સેન્ટર શાળા




રામપરા પ્રાથમિક શાળા

# જિલ્લામાં થયેલ વિવિધ પ્રવૃતિઓના QR કોડ:

# બાળકો અને વાલીનાં

# પ્રતિભાવો





મેવાસા (કમરી) પ્રા.શા.
તા. 18/8/23

પ્રતિશ્રી,
સી.આર.સી. કો-ઓર્ડિનેટર સાહેબ
જિલવા કન્યા શાળા.

વિષય:- લાઇફ સ્કિલ મેળાના વાલી તથા SMC ના પ્રતિભાવ.

આજરોજ તા. 18/8/23 ના ગુરુવારના રોજ મેવાસા (કમરી) પ્રા. શાળામાં બાળમેળો અને લાઇફસ્કિલનું આયોજન કરવામાં આવ્યું. સૌ પ્રથમ બાળકોને રંગોળી, માટીકામ, મહેંદી, ચીટકકામ, સર્જનાત્મક પ્રવૃત્તિ, ચિત્રકામ, જેવા અલગ-અલગ વિભાગોમાં બેસાડી જરૂરી તમામ વસ્તુ આપી અને SMC અધ્યક્ષ દ્વારા શરૂઆત કરાવી. બાળકોએ ખૂબજ રસ-રૂચીથી પોતાને આપેલું કાર્ય પૂરું કર્યું. SMC ના બીજા સભ્યો પણ આ પ્રવૃત્તિ જોઈને ખુશ થયા અને કહ્યું કે આવી પ્રવૃત્તિઓથી બાળકોમાં રહેલી શક્તિઓ બહાર આવે. આજનો બાળમેળો રસપ્રદ રહ્યો. આ કાર્યક્રમ ખૂબજ સારો અને રસપ્રદ રહ્યો.

આચાર્ય
મેવાસા (કમરી) પ્રા. શાળા



શ્રી લીતાળા પ્ર. શા.
તા:- [illegible]
ક્રમાંક
તા:- 28/08/2023

—: પ્રતિભાવ :—

શ્રી લીતાળા પ્ર. શાળા ખાતે તા:- 23/08/23 ના રોજ બાળમેળો અને તા:- 24/08/23 ના રોજ લાઇફ સ્કીલ મેળો યોજવામાં આવ્યો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ બાળમેળા અને લાઇફ સ્કીલ મેળાનું સુંદર આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓ, સર્જનાત્મકતા ખીલવવા માટે આ સુંદર આયોજન બદલ આયોજક મિત્રોનો ખૂબ ખૂબ આભાર.

રશ્મિ એસ. ચાવડિયા
આ.શિ.
શ્રી લીતાળા પ્ર. શાળા


તા. ૧૭/૮/૨૦
ગુરુવાર


ગોરખપુર પ્રા. શાળા તા. ભેસાણ

શ્રી ગોરખપુર પ્રા. શાળા
બાળમેળો ધો. 1 થી 5

* આચાર્ય શ્રીનો પ્રતિભાવ

બાળમેળાથી બાળકોનો બૌદ્ધિક વિકાસ થાય છે. તેમનામાં રહેલી સુષુપ્ત પ્રતિભા ખીલે છે. નવુ નવું જાણવાની જિજ્ઞાસા વૃત્તિ સતેજ થાય છે. સ્વચ્છતા, આરોગ્ય, જ્ઞાન કૌશલ્યો નો સારો વિકાસ થાય છે. ગીત સંગીત, હસ્તકલા અને વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવવાના કૌશલ્યોનો વિકાસ જોવા મળે છે. એકંદરે બાળમેળાથી બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે.

આચાર્ય,
શ્રી ગોરખપુર પ્રા.શાળા


બાળમેળો અને લાઇફ સ્કીલના પ્રતિભાવો

→ આજ રોજ તારીખ 17-8-23 ના રોજ ડુંગરપુર રોડ સાઇડ પ્રા. શાળામાં બાળમેળાનું આયોજન કરેલ જેમા ધોરણ 1 થી 5 અભ્યાસ કરતાં તમામ બાળકોએ ભાગ લીધો.

→ SMC ના સભ્યો તેમજ શાળામાં અભ્યાસ કરતાં બાળકોના વાલીઓએ મુલાકાત લીધી. જેમા બાળકો દ્વારા કરવામાં આવેલ રંગપૂરણી, ચીટકકામ, માટીકામ, ચિત્રકામ, છાપકામ જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોની સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય તેવા પ્રયત્નો જોવા મળેલ છે.

→ તારીખ: 18-8-23 ના રોજ ડુંગરપુર રોડ સાઇડ પ્રા. શાળામાં ધોરણ 6 થી 8 માં અભ્યાસ કરતાં તમામ બાળકો દ્વારા લાઇફ સ્કીલનું આયોજન કરવામાં આવેલ છે.

→ શાળાની SMC તેમજ અભ્યાસ કરતા વાલીઓની મુલાકાત લેતા તેઓને માલૂમ પડ્યું કે બાળકોમાં રહેલી કુશળતાઓ. જેમાં મહેંદી, પંચર, કુકર રીપેરીંગ જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં પડેલી શક્તિઓ જોવા મળી. જેના દ્વારા પોતાની સ્વરોજગારી દ્વારા પોતે જાતે રોજગારી મેળવે તેવા પ્રયત્નો જોવા મળ્યા.

→ એકંદરે બાળમેળો તેમજ લાઇફ સ્કીલ ખૂબ સારો રહ્યો.

# મૂલ્યાંકન પ્રતિભાવોનું વિશ્લેષણ અને તારણો



## સારણી - 1.1
## ધોરણ ૬ થી ૮ લાઇફ સ્કીલ બાળમેળાનાં અભિપ્રાયોનું પૃથક્કરણ

| ક્રમ | વિધાન | સંપૂર્ણ સહમત | અંશતઃ સહમત | તટસ્થ | અંશતઃ અસહમત | સંપૂર્ણ અસહમત |
|---|---|---|---|---|---|---|
| ૧ | લાઇફ સ્કીલ બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે. | 195 | | | | |
| ૨ | શાળાના આચાર્ય દ્વારા લાઇફ સ્કીલ બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. | 195 | | | | |
| ૩ | લાઇફ સ્કીલ બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળેલ છે. | 193 | 1 | 1 | | |
| ૪ | લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધન સામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. | 195 | | | | |
| ૫ | બી.આર.સી., સી.આર.સી., નિરીક્ષકો અને ડાયટ લેકચરર દ્વારા લાઇફ સ્કીલ બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન મળેલ છે. | 195 | | | | |
| ૬ | લાઇફ સ્કીલ બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | 191 | 2 | 2 | | |
| ૭ | લાઇફ સ્કીલ બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. | 195 | | | | |
| ૮ | લાઇફ સ્કીલ બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે. | 193 | | 1 | 1 | |
| ૯ | લાઇફ સ્કીલ બાળમેળા સંદર્ભે સૂચવવામાં આવતી દરેકપ્રવૃત્તિઓ યોગ્ય છે. | 195 | | | | |

| ક્રમ | વિધાન | સંપૂર્ણ સહમત | અંશતઃ સહમત | તટસ્થ | અંશતઃ અસહમત | સંપૂર્ણ અસહમત |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | લાઇફ સ્કીલ બાળમેળા દ્વારા બાળકો સ્વયંસ્કુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. | 186 | 5 | 2 | 2 | |
| ૧૧ | લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જીવનકૌશલ્યો વધુ સારી રીતે ખીલવી શકાય છે,. | 195 | | | | |
| ૧૨ | લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ બાળકોના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. | 195 | | | | |
| ૧૩ | લાઇફ સ્કીલ બાળમેળો પૂર્ણ થયે બાળકોની વિવિધ પ્રવૃત્તિઓ સંદર્ભે અનુંકાર્ય કરવામાં આવેલ છે. | 171 | 8 | 7 | 7 | 2 |
| ૧૪ | લાઇફ સ્કીલ બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | 182 | 3 | 5 | 3 | 2 |
| ૧૫ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન એસ.એમ.સી. સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે. | 189 | 1 | 2 | 3 | |
| ૧૬ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન બાળકો અને શિક્ષકોમાં ઉત્સાહ જોવા મળેલ છે. | 191 | 1 | 1 | 1 | 2 |
| ૧૭ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન બાળકો – શિક્ષકો- શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. | 195 | | | | |
| ૧૮ | સમગ્રતયા લાઇફ સ્કીલ બાળમેળાનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો. | 195 | | | | |

1. લાઇફ સ્કીલબાળમેળાના આયોજન માટે મળેલ સમય મર્યાદા યોગ્ય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 100 ટકા અને અસંમતમાં  શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફસ્કીલ બાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે.
2. શાળાના આચાર્ય દ્વારાલાઇફ સ્કીલ બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે  સંમતમાં  100 ટકા અને અસંમતમાં  શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે શાળાના આચાર્ય દ્વારા લાઇફ સ્કીલબાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે.
3. લાઇફસ્કીલ બાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે  સંમતમાં  98.97 ટકા અને અસંમતમાં  શૂન્ય ટકા, અંશતઃસંમત 0.51 ટકા તટસ્થ 0.51 ટકા પ્રતિચારો મળ્યા હતા જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલબાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે.
4. લાઇફસ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે  સંમતમાં  100 ટકા અને અસંમતમાં  શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે.
5. બી.આર.સી./ સી.આર.સી./ નિરીક્ષકો અને ડાયટ લેકચરર દ્વારા લાઇફ સ્કીલ બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે  સંમતમાં  100 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે બી.આર.સી./ સી.આર.સી./ નિરીક્ષકો અને ડાયટ લેકચરર દ્વારા લાઇફ સ્કીલ બાળમેળાની બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે.

6. લાઇફ સ્કીલ બાળમેળામાં દરેક ખંડમાં બાળકપ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં **97.95** ટકા અને અસંમતમાં 1.03 ટકા અને તટસ્થ 1.03 ટકા પ્રતિચારો મળ્યા હતા જેના આધારે કહી **363+**શકાય કે લાઇફ સ્કીલબાળમેળામાં દરેક ખંડમાં બાળકપ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

7. લાઇફ સ્કીલ બાળમેળામાં કરવામાં આવતીપ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં **100** ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલબાળમેળામાં કરવામાં આવતીપ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે.

8. લાઇફ સ્કીલ બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં **98.97** ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. અંશતઃ અસંમતમાં 0.51 ટકા તટસ્થ 0.51 ટકા પ્રતિચારો મળ્યા જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલબાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે.

9. લાઇફ સ્કીલ બાળમેળા સંદર્ભે શૂચવવામાં આવતી દરેકપ્રવૃત્તિઓ યોગ્ય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં **100** ટકા અને અસંમતમાં **0** ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળાની સંદર્ભે શૂચવવામાં આવતી દરેકપ્રવૃત્તિઓ યોગ્ય છે.

10. લાઇફ સ્કીલ બાળમેળામાં બાળકો સ્વયં સ્ફુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં **95.38** ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. અંશતસંમતમાં 2.56 ટકા તટસ્થ 1.03 ટકા અંશતઅસંમતમાં 1.03પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલબાળમેળામાં બાળકો સ્વયં સ્ફુરણાથી કાર્ય કરવા પ્રેરાય છે.

11. લાઇફ સ્કીલ બાળમેળાનીપ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જીવનકૌશલ્યો સારી રીતે ખીલવી શકાય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 100 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળાનીપ્રવૃત્તિઓ ઈારા બાળકોમાં જીવનકૌશલ્યો સારી રીતે ખીલવી શકાય છે.

12. લાઇફ સ્કીલ બાળમેળાનીપ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 100 ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે.

13. લાઇફ સ્કીલ બાળમેળો પૂર્ણ થયે બાળકોના વિવિધપ્રવૃત્તિ સંદર્ભે અનુકાર્ય કરવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 87.69 ટકા અને અસંમતમાં 1.03 ટકા અંશતસંમતમાં 4.10 ટકા તટસ્થ 3.59 અંશતઅસંમતમાં 3.59 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળો પૂર્ણ થયે બાળકોના વિવિધપ્રવૃત્તિ સંદર્ભે અનુકાર્ય કરવામાં આવેલ છે.

14. લાઇફસ્કીલ બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 93.33 ટકા અને અસંમતમાં 1.54 ટકા તટસ્થ 2.54 અસંમતમાં 1.54 પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફસ્કીલ બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

15. લાઇફસ્કીલ બાળમેળા દરમિયાન એસએમસીના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 96.92 ટકા અને અસંમતમાં 0.51 ટકા અંશતઅસંમતમાં 1.54 અસંતમાં ટકા તટસ્થ 1.03 પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફસ્કીલ બાળમેળા દરમિયાન એસ.એમ.સી.ના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે.

16. લાઇફસ્કીલ બાળમેળા દરમિયાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલ છે. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 97.95 ટકા અને અસંમતમાં 0.51 ટકા તટસ્થ 0.51 પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ સ્કીલ બાળમેળા દરમિયાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલ છે.
17. લાઇફસ્કીલ બાળમેળા દરમિયાન વિદ્યાર્થીઓ-શિક્ષકો-શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં **100** ટકા અને અસંમતમાં શૂન્ય ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે લાઇફ દરમિયાન વિદ્યાર્થીઓ-શિક્ષકો-શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો.
18. સમગ્રતયા લાઇફસ્કીલ બાળમેળાનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો. પ્રસ્તુત વિધાન સંદર્ભે સંમતમાં 100 ટકા અને અસંમતમાં 0 ટકા પ્રતિચારો મળ્યા હતા. જેના આધારે કહી શકાય કે સમગ્રતયા લાઇફસ્કીલ બાળમેળાનો હેતુ સિદ્ધ થતો જોવા મળ્યો.

# લાઇફસ્કીલ અન્વયે ડાયેટે કરેલ

# અનુકાર્યની નકલો



# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

બિલખા રોડ, જૂનાગઢ
Ph.no: 0265 2622361
Email: dietjunagadh@gmail.com

જાવકનં:જશભ/WE/બાળમેળા/2023-24/૮૦૮-૮૫ તા.04/05/2023

પ્રતિ,
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ,
બી.આર.સી.કો.ઓર્ડિનેટરશ્રી તમામ,
જિલ્લો – જૂનાગઢ

વિષય:- વર્ષ:-2023-2024માં બાળમેળા અને લાઇફસ્કીલ મેળાના આયોજનની માર્ગદર્શક સૂચનાઓ બાબત.

સંદર્ભ :- ક્રમાંક:જીસીઈઆરટી/તાલીમ/2023-24/13657-691.તારીખ:02/05/2023

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦માં ભલામણ કરેલ છે કે, "કલા, કવીઝ, રમત-ગમત અને વ્યવસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની 'સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમિયાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે" આ બેગલેસ દિવસના ભાગ સ્વરૂપે ધોરણ ૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે એક દિવસ બાળમેળા અને ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે એક દિવસ જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાનું થાય છે.

સદર બાબતે જીસીઇઆરટી,ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિ બે વિભાગમાં આયોજિત કરવામાં આવે છે. જે પૈકી ધોરણ 1 થી 5 ના વિદ્યાર્થીઓ માટે બાળમેળાનું આયોજન કરવામાં આવે છે તેમજ ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે.

આ બાળમેળા અને લાઇફસ્કીલ (જીવન કૌશલ્ય) આધારીત બાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ બાળવાર્તા, માટીકામ, રંગપૂરણી, હસ્તકલાની કામગીરી, ચીટકકામ, કાગળકામ, ગડીકામ, બાળવાર્તા આધારિત નાટક જેવી વિવિધ કૌશલ્યની ખિલવણી જેવી વિવિધ પ્રવૃત્તિઓ અને રમતોના માધ્યમથી વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને ઉજાગર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

બાળમેળા અને લાઇફસ્કીલ મેળા યોજવા માટેની ગ્રાન્ટ અત્રેથી ફાળવવામાં આવશે. ત્યારે તેની જાણ કરવામાં આવશે અને ગ્રાન્ટ ફાળવણી પત્રક મોકલવામાં આવશે. ગ્રાન્ટની ફાળવણી થયા બાદ બાળમેળા અને લાઇફસ્કીલ યોજવા માટેની તારીખોની જાણ કરવામાં આવશે, તે મુજબ આયોજન કરવાનું રહેશે.

- <u>બાળમેળાના મુખ્ય હેતુઓ-</u>
  - વિદ્યાર્થીઓ વિવિધ આનંદદાયી પ્રવૃતિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
  - વિદ્યાર્થીઓમાં સહકાર,નેતૃત્વ,લોકશાહીની ભાવના,સાહસિકતા વગેરની ખિલવણી થાય.
  - વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને મૌલિકતા વિકસે.
  - વિદ્યાર્થીઓમાં જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવાય.
  - વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓ બહાર આવે.
  - વિદ્યાર્થીઓની મનોસામાજીક માવજત થાય.
- લાઇફ સ્કીલમેળાના મુખ્ય હેતુઓ-
  - વિદ્યાર્થીઓ રોજિંદા જીવનના પડકારોને હકારાત્મકથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતને કુશળતાપૂવર્ક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય કે આવડત પ્રાપ્ત કરી શકે.
  - જીવનકૌશલ્યો થકી વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાઓને ખીલવી તેમના વ્યક્તિત્વની સર્વાંગી વિકાસ સાધી સ્વસ્થ, સફળ, સુખમય અને શાંતિમય જીવન જીવતાં શીખે.
  - વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનું વાસ્તવિક જીવન સાથે અનુબંધ જોડાશે તેમજ વધુ ઉન્નત અને બહેતર જીવન જીવવા તૈયાર થાય.
  - પોતાના રોજિંદા જીવનમાં નાના – મોટા પ્રશ્નો જાતે હલ કરવાથી સ્વાવલંબી બને.
  - શાળા અને સમાજ વચ્ચેનો નાતો વધુ વિકસે.

<u>નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઇ બાળમેળા અને લાઇફ સ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.</u>

1. વર્ષ-2023-24માં જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ, શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કે.જી.બી.વી., મોડેલ સ્કૂલમાં પ્રથમ દિવસે ધો. 1 થી 5 ના બાળકો માટે બાળમેળો તથા બીજા દિવસે ધો. 6 થી 8ના બાળકો માટે લાઇફસ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.
2. શાળાના બાળકો વિવિધ પ્રવૃત્તિઓથી અગવત થાય તથા આનંદદાયી અને પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે હેતુસર શાળામાં બાળમેળો અને લાઇફસ્કીલમેળા યોજાય તેવું આયોજન કરવાનું રહેશે.
3. બાળમેળા અને લાઇફસ્કીલમેળાની પ્રવૃત્તિ પૂર્વે શિક્ષકે જે તે પ્રવૃત્તિનું નિદર્શન કરાવવાનું રહેશે. ત્યારબાદ બાળમેળા અને લાઇફસ્કીલ મેળાની જુદી જુદી પ્રવૃત્તિમાં શાળાના દરેક બાળકો ભાગ લઇ શકે તે રીતે જુદા જુદા ગૃપમાં રોટેશન મુજબ આયોજન કરવું.
4. બાળમેળા અને લાઇફસ્કીલ મેળા બંનેમાં "ટોક શો"ના નામથી પ્રવૃત્તિમાં નીચે આપેલ નમૂનાના વિષયો રાખી શકાશે. (આ વિષયો માત્ર ઉદાહરણ સ્વરૂપે આપેલ છે. તેમાં આપના અનુભવ દ્વારા બાળમેળા અને લાઇફસ્કીલ મેળા આધારિત વિષયો ઉમેરી શકાશે.)

❖ ''ટોક શો''ના સૂચિત વિષયો:

i. મારા સપનાનું ભારત

ii. મારી શાળા મારા વિચારો

iii. પર્યાવરણ બચાવો દેશ બચાવો

iv. મારી સામાજિક ફરજ

- બાળમેળા અને લાઇફસ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ અહીં આપવામાં આવેલ છે. આ સિવાયની પ્રવૃત્તિઓ પણ ઉમેરી શકાશે.

1. બાળમેળા માટે સૂચિત પ્રવૃત્તિઓ –

| કક્ષા | ધોરણ | બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃતિઓ |
|---|---|---|
| પ્રાથમિક કક્ષા | 1 થી 5 | બાળવાર્તા , બાળવાર્તા આધારિત નાટક , માટીકામ, છાપકામ, કાતરકામ, ચીટકકામ, ચિત્રકામ, ગડીકામ, રંગપૂરણી, કાગળકામ, , બાળ રમતો, એકમિનિટ, પઝલ્સ, હાસ્ય દરબાર, ગીત-સંગીત-અભિનય,પપેટ શો, ગણિત ગમ્મત, વેસ્ટમાંથી બેસ્ટ, વિજ્ઞાનના સાદા પ્રયોગો, વેંશભૂષા વગેરે |

2. લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) બાળમેળા માટે સૂંચિત પ્રવૃત્તિઓ –

| કક્ષા | ધોરણ | લાઇફ સ્કીલમેળા યોજી શકાય તેવી કેટલીક પ્રવૃતિઓ |
|---|---|---|
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા | 6 થી 8 | ફ્યુઝ બાંધવો, સ્ક્રૂ લગાવવો, કુકર બંધ કરવું, ખિલ્લી લગાવવી, ટાયરનું પંચર કરવું, શરીરની સ્વચ્છતા, વ્યસનથી થતું નુકસાન વગેરે જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સમાવેશ કરી શકાય.<br><br>શાળા અને સમાજનું જોડાણ વધે તે હેતુસર ધ્વજ વંદન માટેની પ્રવિધિનો સ્ટોલ, મેટ્રિક મેલા અન્તર્ગત આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે આનંદમેળા, વસ્તુસામગ્રી વેચાણ સ્ટોલ, વ્યવહારમાં ગણિતનો ઉપયોગ વધે તે હેતુસર બાળકોના વજન/ઉંચાઇ માપવી, સર્વાંગી શિક્ષણના પાઠયપુસ્તકમાં શારિરીક શિક્ષણના એકમોમાં આપેલા મેદાનના માપ મુજબ મેદાન દોરાવવાની પ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિઓ યોજી શકાશે. |

5) આ સાથે મોનીટરીંગ કરનાર માટેનું સૂચિત મૂલ્યાંકન-મોનીટરીંગ ફોર્મ સામેલ છે. જે બાળમેળા અને લાઇફસ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા યોજાય તે દરમિયાન ટી.પી.ઇ.ઓ., બી.આર.સી.કો.ઓ., સી.આર.સી.કો.ઓ., બી.આર.પી.કો.ઓ. દ્વારા મોનીટરીંગ કરવું અને આ ફોર્મ અવશ્ય ભરવું.

6) શાળાકક્ષાએ બાળમેળા - લાઇફસ્કીલમેળા યોજાય ગયા બાદ આ ફોર્મ પ્રોપર ચેનલ મારફત દિન-પમાં તાલુકાકક્ષાએ બી.આર.સી.કો.ઓ.ને પહોંચાડવાનું રહેશે. બી.આર.સી.કો.ઓ.ને તાલુકાના લાયઝનને ત્યારપછીના દિન-૨માં ફાઇલ તૈયાર કરી સોંપવાની રહેશે.

7) બાળમેળા લાઇફસ્કીલ મેળા માટે આપના દ્વારા વિદ્યાર્થીના સંખયા આધારિત મોકલવામાં આવેલ માહિતી મુજબ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ, કે.જી.બી.વી., આશ્રમશાળા, મોડેલસ્કૂલ (ધો.૧ થી૮) પ્રત્યેક શાળાને વિદ્યાર્થીની સંખ્યા આધારિત ગ્રાન્ટની ફાળવણી **RTGS** થી કરવામાં આવશે.

8) શાળાકક્ષાએ બાળમેળા-લાઇફસ્કીલ મેળા યોજાય ગયા બાદ શાળાકક્ષાના થયેલ ખર્ચનું યુટિલાઇઝેશન મેળવી મુદા નંબર - ૬ મુજબ નિયત સમયમર્યાદામાં આપવાનો રહેશે.

9) શાળામાં બાળમેળા-લાઇફસ્કીલ મેળા યોજાય ગયા બાદ દરેક પ્રવૃત્તિનો વિડીયો કલીપસ, ફોટોગ્રાફ, બાળકો/વાલીના અને SMCના પ્રતિભાવ પત્રકો ડાયેટના WE શાખા દ્વારા આયોજન કરવામાં આવે ત્યારે આ રીવ્યુ બેઠકમાં સી.આર.સી.કો.ઓ.એ અચૂક લઇને આવવાનું રહેશે.

10) શાળાકક્ષાએ બાળમેળો લાઇફસ્કીલ મેળા યોજાય ગયા બાદ તેના ફોટોગ્રાફસ, વીડીયોકલીપ, ડોકયુમેન્ટ્રી અને અહેવાલ શાળાએ નિભાવવાનો રહેશે.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

બિડાણ:

૧) બાળમેળા માટે મૂલ્યાંકન-મોનિટરીંગ ફોર્મ
૨) લાઇફસ્કીલ મેળા માટે મૂલ્યાંકન-મોનિટરીંગ ફોર્મ
૩) વર્ષ ૨૦૨૩-૨૪નું બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ
૪) બાળકોના પ્રતિભાવ અને વાલીના પ્રતિભાવ પત્રક
૫) SMCના સભ્યોનું પ્રતિભાવ પત્રક

નકલ સવિનય રવાના જાણ થવા સારૂ :

- સચિવશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રોજેકટ કોઓર્ડીનેટરશ્રી જૂનાગઢ
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ તાલુકા, જિ.જૂનાગઢ

❖ નકલ રવાના જાણ, અમલ તથા માર્ગદર્શન/મોનીટરીંગ થવા સારૂ :

- સી.આર.સી. કો શ્રી, તમામ તાલુકા, જૂનાગઢ જિલ્લો (બી.આર.સી.કોશ્રી મારફત )
- શાળાના આચાર્યશ્રી, તમામ, જૂનાગઢ જિલ્લો (સી.આર.સી.કોશ્રી મારફત )

## ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ , ગાંધીનગર

### લાઇફ સ્કીલ બાળમેળો વર્ષઃ 2023-2024

### મૂલ્યાંકન/મોનીટરીંગ ફોર્મ

તારીખઃ ..............................

શાળાનું નામઃ ....................................................................................................................

જિલ્લોઃ .......................................તાલુકોઃ ........................................... કલસ્ટરઃ ......................................

**લાઇફ સ્કીલ બાળમેળામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યાઃ ધો.૬ થી ૮ કુમાર-.........કન્યાઃ .........કુલઃ............**

**નિરીક્ષણનો સમયગાળોઃ .................. થી .......................**

| ક્રમ | વિધાન | હા/ના |
|---|---|---|
| ૧ | લાઇફ સ્કીલબાળમેળાના આયોજન માટે મળેલ સમયમર્યાદા યોગ્ય છે. | |
| ૨ | શાળાના આચાર્ય દ્વારા લાઇફ સ્કીલબાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મિટિંગનું આયોજન કરવામાં આવેલ છે. | |
| ૩ | લાઇફ સ્કીલબાળમેળામાં દરેક શિક્ષકને એક સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે. | |
| ૪ | લાઇફ સ્કીલબાળમેળાની પ્રવૃત્તિઓ સંદર્ભે આવશ્યક સાધનસામગ્રી શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. | |
| ૫ | બી.આર.સી.,સી.આર.સી., નિરીક્ષકો અને ડાયટ લેક્ચરર્સ દ્વારા લાઇફ સ્કીલ બાળમેળાબાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે. | |
| ૬ | લાઇફ સ્કીલબાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | |
| ૭ | લાઇફ સ્કીલબાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે. | |
| ૮ | લાઇફ સ્કીલબાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે. | |
| ૯ | લાઇફ સ્કીલબાળમેળા સંદર્ભે સૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે. | |
| ૧૦ | લાઇફ સ્કીલબાળમેળાદ્વારા બાળકો સ્વયં સ્ફૂરણાથી કાર્ય કરવા પ્રેરાય છે. | |
| ૧૧ | લાઇફ સ્કીલબાળમેળાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં જીવનકૌશલ્યો વધુ સારી રીતે ખીલવી શકાય છે. | |
| ૧૨ | લાઇફ સ્કીલબાળમેળાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે. | |
| ૧૩ | લાઇફ સ્કીલબાળમેળાપૂર્ણ થયે બાળકોના વિવિધ પ્રવૃત્તિ સંદર્ભે અનુકાર્ય કરવામાં આવેલ છે. | |
| ૧૪ | લાઇફ સ્કીલબાળમેળાકાર્યક્રમના દસ્તાવેજીકરણ માટે જરુરી વ્યવસ્થા કરવામાં આવેલ છે. | |
| ૧૫ | લાઇફ સ્કીલબાળમેળા દરમ્યાન એસએમસીના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે. | |
| ૧૬ | લાઇફ સ્કીલ બાળમેળા દરમ્યાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલછે. | |
| ૧૭ | લાઇફ સ્કીલબાળમેળાદરમ્યાન વિદ્યાર્થીઓ-શિક્ષકો-શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો. | |
| ૧૮ | સમગ્રતયાલાઇફ સ્કીલબાળમેળાનો હેતુ સિદ્ધ થતોજોવા મળ્યો. | |

મોનીટરીંગ કરનારનું નામઃ ...................................................... સહી........................

હોદોઃ ......................................................................

સંસ્થાનું નામઃ ......................................................................

3728-3739

ક્રમાંક :જશભ/ WE/D-7/બાળમેળા/23-24/
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
જુનાગઢ.
તા.08/08/23

પ્રતિ,
બી.આર.સી.કો.ઓર્ડિનેટરશ્રી,
તમામ તાલુકા, જિ. જૂનાગઢ.

વિષય:-વર્ષ-2023-24માં બાળમેળા અને લાઇફસ્કીલમેળાની ગ્રાંટ ફાળવવા તથા આયોજન કરવાં બાબત

સંદર્ભ :-(1) GCERT/તાલીમ/2023-24/10423-52/તા:06-04-2023.
(2) GCERT/તાલીમ/2023-24/13657-651/ તા:02-05-2023
(3) GCERT/તાલીમ/2023-24/ 20944-77/ તા:20-07-2023.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦માં ભલામણ કરી છે કે, "કલા, ક્વીઝ, રમતગમત અને વ્યાવસાયિક હસ્તકલા સહિતની વિવિધ સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમિયાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે." અઃ બેગલેસ દિવસનાં ભાગ સ્વરૂપે ધો.1 થી 5નાં વિદ્યાર્થીઓ માટે એક દિવસ બાળમેળા અને ધો.6 થી 8નાં વિદ્યાર્થીઓ માટે એક દિવસ જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાનું થાય છે.

સદર બાબતે જીસીઇઆરટી,ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓમાં વિવિધ જીવન કૌશલ્યોની ખિલવણી થાય તે માટે દર વર્ષે બાળમેળાની પ્રવૃત્તિ બે વિભાગમાં આયોજિત કરવામાં આવે છે. જે પૈકી ધોરણ 1 થી 5નાં વિદ્યાર્થીઓ માટે બાળમેળાનું અને ધોરણ-6 થી 8નાં વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારીત બાળમેળાનું આયોજન કરવામાં આવે છે.

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ શાળાઓમાં બાળમેળા/ લાઇફસ્કીલમેળાનું આયોજન કરવાનું થાય છે. ચાલુ વર્ષે ડાયેટ, જૂનાગઢ દ્વારા જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ, કે.જી.બી.વી., આશ્રમશાળા એમ પ્રત્યેક શાળાને તેનાં પ્રકાર અને વિદ્યાર્થીઓની સંખ્યા મુજબ ગ્રાન્ટ શાળાનાં એસએમસી એજ્યુકેશન એકાઉન્ટમાં RTGSથી આપવામાં આવેલ છે.

નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઇ બાળમેળા અને લાઇફ સ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.

1) વર્ષ-૨૦૨૩-૨૪માં જૂનાગઢ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓ આશ્રમશાળા, કે.જી.બી.વી., પ્રથમ દિવસે તા. 17/08/23ના રોજ ધો. 1 થી 5નાં બાળકો માટે બાળમેળો તથા બીજા દિવસે તા. 18/08/23નાં ધો. 6 થી 8નાં બાળકો માટે લાઇફસ્કીલ મેળાનું આયોજન કરવાનું રહેશે.

2) બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવનકૌશલ્ય) મેળા માટે વિદ્યાર્થીની સંખ્યા આધારિત આપનાં દ્વારા મોકલવામાં આવેલ શાળાની સંખ્યા મુજબ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓ, કે.જી.બી.વી., આશ્રમશાળા, પ્રત્યેક શાળાને નીચે મુજબ શાળા પ્રકાર/ વિદ્યાર્થીની સંખ્યા આધારિત ગ્રાન્ટની ફાળવણી શાળા કક્ષાએ ડાયેટ, જૂનાગઢ દ્વારા સંદર્ભપત્ર- 3 મુજબ શાળાનાં એસએમસી એજ્યુકેશન એકાઉન્ટમાં RTGSથી કરવામાં આવેલ છે.

| પત્રક- A | | પત્રક- B | | પત્રક- C | |
|---|---|---|---|---|---|
| ફક્ત 1 થી 5 ધરાવતી શાળા | | ફક્ત 1 થી 8 ધરાવતી શાળા | | ફક્ત 6 થી 8 ધરાવતી શાળા | |
| શાળા દીઠ રૂ. 235/- | વિધ્યાર્થી દીઠ રૂ. 4/- | શાળા દીઠ રૂ. 470/- | વિધ્યાર્થી દીઠ રૂ. 4/- | શાળા દીઠ રૂ. 235/- | વિધ્યાર્થી દીઠ રૂ. 4/- |

3) તાલુકામાં બાળમેળા યોજાઇ ગયા બાદ તેના ફોટોગ્રાફ્સ/ વિડીયો ક્લીપ્સ/ ડોક્યુમેન્ટરી અહેવાલ ડાયેટ કક્ષાએ આપવાનો રહેશે. આ માટે એક ગુગલ ફોર્મની લીંક whatsapp ગ્રુપ દ્વારા તમામ BRC મિત્રોને બાળમેળા પહેલાં મોકલવામાં આવશે. જે લિંક તમામ આચાર્યશ્રીને બાળમેળા પહેલાં મોકલવાની રહેશે.

4) જિલ્લામાં બાળમેળા/ લાઈફસ્કીલ મેળા યોજાયા બાદ તાલુકાની શાળાના યુટિલાઇઝેશન સર્ટીફિકેટની ફાઈલ ડાયેટ જૂનાગઢ ખાતે દિન-5માં મોકલવાની રહેશે અને શાળા કક્ષાએ ખર્ચની ફાઈલ નિભાવવાની રહેશે. જયારે ડાયેટ જૂનાગઢ દ્વારા મંગાવવામાં આવે ત્યારે આપવાની રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણ સમિતિ
જૂનાગઢ.

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ.

બિડાણ- 1) સંદર્ભપત્ર- 3. 2) શાળાએ આપવાનું યુટીલાઈઝેશન સર્ટીફિકેટ

નકલ સવિનય રવાના(જાણ સારૂ): સચિવશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર.

નકલ રવાના (જાણ તથા મોનીટરીંગ કરવા સારૂ):

સિનિયર લેક્ચરરશ્રી/ લેક્ચરરશ્રી (તમામ) આ સંસ્થા.

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ

બિલખા રોડ, જૂનાગઢ
Ph.no: 0285 2622361
Email: dietjunagadh@gmail.com

જાવકનં:જશભ/તલમ/સંકલન બેઠક/2023-24/ 3805-15 તા.09/08/2023

પ્રતિ
માનનિય ચેરમેનશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ,
જૂનાગઢ

વિષય : સંકલન બેઠકમાં ઉપસ્થિત રહેવા બાબત

સંદર્ભ : ૧.જીસીઇઆરટી/તાલીમ/૨૦૨૩-૨૪/૨૨૭૮૧-૮૧૦ તા. ૫/૮/૨૦૨૩

શ્રીમાન,

જયભારત સાથ ઉક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ દ્વારા સંકલન બેઠકનું આયોજન નીચે જણાવેલ સ્થળ, તારીખ અને સમયે કરવામાં આવેલ હોય આ બેઠકમાં આપશ્રી ઉપસ્થિત રહો તે ખૂબ જરુરી છે. આ બેઠકમાં પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહી શકાશે નહીં. સંકલન બેઠકના એજન્ડા

- કલાઉત્સવ
- વિજ્ઞાન અને ગણિત પ્રદર્શન અને ઇન્સપાયર એવોર્ડ
- બાળમેળા અને લાઇફ સ્કિલ બાળમેળા
- એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ
- બેઇઝ લાઇન એસેસમેન્ટ સર્વે
- બાલવાટીકા બાકી રહેલા શિક્ષકોની તાલીમ
- બાલવૃંદની રચના અને અમલીકરણ અને આગામી તાલીમનું આયોજન

સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, બિલખા રોડ - જૂનાગઢ
તારીખ : ૧૦/૦૮/૨૦૨૩ સમય : ૧૧-30 કલાકે

નોંધઃ -એસવીએસના આચાર્યશ્રીઓએ એસવીએસ કક્ષાના વિ.ગ. પ્રદર્શનના સ્થળની માહિતી સાથે લાવવી
- વિ.ગ.પ્રદર્શનની ગ્રાન્ટ પણ ઓનલાઇન ચુકવવાની હોવાથી તેમની બેંક એકાઉન્ટની માહીતી સાથે લાવવી

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

- નકલ સવિનય જાણ માટે રવાનાઃ

૧. નિયામકશ્રી,જી.સી.ઇ.આર.ટી.,ગાંધીનગર.
૨. રીડરશ્રી, પી એન્ડ એમ શાખા, જીસીઇઆરટી, ગાંધીનગર
3 જિલ્લા શિક્ષણાધિકારીશ્રી જૂનાગઢ (ઉપસ્થિત રહેવા સારુ)
૪ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી જૂનાગઢ (ઉપસ્થિત રહેવા સારુ)
૫ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સંઘ- પ્રમુખ અને મહામંત્રીશ્રી – જૂનાગઢ (ઉપસ્થિત રહેવા સારુ)

Scanned with CamScanner

સ્લોગન- પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન
પ્રાચાર્ય

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
બિલખા રોડ, જૂનાગઢ
Blog dietjunagadh.blogspot.in
www.dietjunagadh.in
dietjunagadh@gmail.com
તા.૨૪/૦૮/૨૦૨૩

ક્રમાંક:જશભ/બાળમેળા/૨૦૨૩-૨૪/૫૦૮૮

પ્રતિ,
સચિવશ્રી,
જી.સી.ઇ.આર.ટી.,
ગાંધીનગર

વિષયઃ- બાળમેળા/લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ તથા શાળાની સંખ્યા અને ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા મોકલવા બાબત.

સંદર્ભઃ- ક્રમાંકઃજીસીઇઆરટી/તાલીમ/૨૦૨૩-૨૪/૧૩૬૫૭-૬૯૧ તા.૦૨/૦૫/૨૦૨૩

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, દર વર્ષની જેમ ચાલુ વર્ષમાં પણ શાળાઓમાં બાળમેળા/લાઇફસ્કીલમેળાનું આયોજન કરવાનું થાય છે. સંદર્ભપત્રમાં જણાવ્યા અનુસાર બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ અને શાળાની સંખ્યા અને ભાગલીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપ સાહેબને વિદિત થાય.

(હિરેન એસ. ભટ્ટ)
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

Scanned with CamScanner

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, જૂનાગઢ
બાળમેળા અને લાઇફસ્કીલ મેળાનું યુટીલાઇઝેશન સર્ટિફિકેટ
વર્ષ ૨૦૨૩-૨૪

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને પરિષદ, (જીસીઇઆરટી) ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળમેળા અને લાઇફસ્કીલમેળા યોજવા માટે ઇડીએન-૧૨-એપેન્ડીક્ષ-૬ અન્વયે કુલ રૂા ૬,૬૧,૬૮૪/- (અંકે રૂપિયા છ લાખ એકસઠ હજાર છ સો ચોર્યાસી) પૂરાની ગ્રાન્ટ મળેલ હતી જે અન્વયે નીચે જણાવ્યા મુજબ કુલ ૬,૦૮,૪૪૪/- (અંકે રૂપિયા છ લાખ આઠ હજાર ચારસો ચુમાલીસ) પૂરાનો ખર્ચ કરવામાં આવેલ છે.

| હેડ | કુલ મળેલ ગ્રાન્ટ | ઉપાડેલ ગ્રાન્ટ | ન ઉપાડેલ સરન્ડર કરવાની થતી હોય તો તે રકમ |
|---|---|---|---|
| ૯-જનરલ | ૬,૬૧,૬૮૪/- | ૬,૦૮,૪૪૪/- | ૫૩,૨૪૦/- |
| ૯૫-એસ.સી.એસ.પી. | - | - | - |
| ૯૬-ટી.એ.એસ.પી. | - | - | - |
| કુલ | ૬,૬૧,૬૮૪/- | ૬,૦૮,૪૪૪/- | ૫૩,૨૪૦/- |

બાળમેળા અને લાઇફસ્કીલ મેળા યોજવામાં આવેલ હોંય તે શાળાની સંખ્યા અને ભાગ લીધેલ વિદ્યાર્થીની સંખ્યા નીચે મુજબના પત્રકમાંજણાવવી.

| જિલ્લાનું નામ | પત્રક - A | | પત્રક - B | | પત્રક - C | |
|---|---|---|---|---|---|---|
| | ફકત ધો. ૧ થી ૫ ધરાવતી શાળા | | ફકત ધો. ૧ થી ૮ ધરાવતી શાળા | | ફકત ધો. ૬ થી ૮ ધરાવતી શાળા | |
| | શાળાની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | શાળાની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા | શાળાની સંખ્યા | વિદ્યાર્થીની સંખ્યા |
| જૂનાગઢ | 208 | 4234 | 533 | 60294 | 1 | 40 |

તારીખ:- 24/08/2023

પ્રાચાર્યની સહી...........

Principal
District Institute of Education &
Training, Junagadh, Code No. 90

Scanned with CamScanner

# લાઇફ સ્કીલ આયોજન માટે કરેલ બેઠકોની મિનિટ્સ

તારીખ ૧૦/૦૮/૨૦૨૩ના રોજ જૂનાગઢ **જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાં પ્રાચાર્ય,** ડાયેટના વ્યાખ્યાતાઓ, જૂનાગઢના તમામ બી.આર.સી કોર્ડીનેટર સાથે એક સંકલન બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું. આ બેઠકમાં આગામી સમયમાં કરવાના થતાં બાળમેળા અને લાઈફસ્કીલ મેળાનાં આયોજન બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

તમામ તાલુકાનાં બીઆરસી કોર્ડીનેટર દ્વારા પોતાના તાલુકામાં જે આયોજન નક્કી કરેલ હોય તથા બાળમેળા અને લાઈફસ્કીલ મેળાની નક્કી કરેલ તારીખે સુંદર રીતે અમલીકૃત થાય તેની ચર્ચા કરવામાં આવેલ હતી. સંબંધિત તાલુકાના લાયઝન અધિકારીને સંકલમા રાખી તમામ તાલુકાનાં બીઆરસી કોર્ડીનેટર બાળમેળા અને લાઈફસ્કીલનાં અમલીકરણની ચર્ચા કરવામાં આવી.


Thank You